# સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગાંધીવિચાર

ડૉ.રાજુભાઈ આર. દેસાઈ
અજીમાણા હનુમાનજી મંદિરની સામે,
તા.સરસ્વતી, જી–પાટણ

સને ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી આવ્યા બાદ ગાંધીજીએ તેમનું કાયમી થાણું અમદાવાદમાં નાખ્યું, ત્યારથી સને ૧૯૪૮માં તેમના મૃત્યુ પર્યતનો સમય ગાંધીયુગ તરીકે ઓળખાય છે. સને ૧૯૧૭માં તેમણે કોચરબમાં આશ્રમ સ્થાપ્યો ત્યારે હિંદના રાજકીય નકશા પર ગુજરાત ખાસ મહત્વનો પ્રદેશ ભાગ્યે જ ગણાતો હતો. વેપાર રોજગાર સિવાયના અન્ય ક્ષેત્રોમાં એનો પ્રભાવ નહિવત હતો. તેમાંથી આજે ગુજરાત હિંદના નકશા પર શોભે એવું સ્થાન પામ્યુ છે. તેનું ધ્યેય પૂ. ગાંધીજી અને સરદારશ્રીને જાય છે. આપણા સાક્ષરવર્ય સ્વ. આનંદશંકર ધ્રુવે યથાર્થ રીતે કહયુ છે કે ''આ નવો જમાનો ગાંધીજીનું બાળક છે.''

ગાંધીજીના આગમનપૂર્વ. મહાસભાની વાર્ષિક બેઠકોમાં લાંબા ઠરાવો કરી સરકારને વિનંતીઓ કરાતી હતી. મૂળભૂત પ્રશ્નો અંગે થોડા શિક્ષિત લોકો સિવાયની મોટા ભાગની જનતા અનભિજ્ઞ હતી. સત્ય અને અહિંસાને વરેલા ગાંધીજીએ અસહકાર અને સત્યાગ્રહનાં અમોધ શસ્ત્રો તેમજ રચનાત્મક કાર્યો વડે જનસમૂહમાં જાગૃતિ આણી અને રાજકીય ક્ષેત્ર ઉપરાંત શૈક્ષણિક, સામાજિક અને સાહિત્યિક ક્ષેત્રમાં ક્રાંતિ આણી.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ રૂપી ધ્યેયસિધ્ધિ અંગે ૧૯૨૧–૨૨, ૧૯૩૦–૩૨ અને ૧૯૪૨ ની 'હિંદ છોડો'ની ચળવળોનું તેમણે સંચાલન કર્યુ અને લડતના સેનાની તરીકે સમગ્ર દેશને માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત ગુજરાતના સ્થાનિક પ્રશ્નો જેવા કે વિરમગામની જકાતબારી, અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન, ખેડા અને બારડોલીના ખેડૂતોના પ્રશ્નો, બોરસદનો બહારવટિયા અને શિક્ષાત્મક દંડનો પ્રશ્ન વગેરે બાબતો અંગે સરકારની જુલમી નીતિનો અસહકારના શસ્ત્રો દવારા તેમણે સામનો કર્યો હતો. જેમાં વલ્લભભાઈ પટેલની સરદારીએ પ્રજાને વિજય અપાવ્યો હતો.

તેમણે રચનાત્મક કાર્યક્રમ દવારા ગ્રામોદ્યોગ, દારૂબંધી, ખાદીકામ, અસ્પૃશ્યતા નિવારણ, રાષ્ટ્રીયશિક્ષણ વગેરે પ્રવૃતિઓ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ અને આદિવાસી, હરિજનો, સ્ત્રી કેળવણી અને સ્ત્રી સ્વાતંત્ર્યના પ્રશ્નો તરફ જનસમૂહનું લક્ષ દોરી સમાજમાં જાગૃતિ આણી.

## દેશી રાજયોમાં જાગૃતિ :–

પ્રથમ વિશ્વયુધ્ધ બાદ રાજાઓને સાર્વભૌમ સત્તાનો સંપૂર્ણ સાથ મળતાં અને ગાદી ખોવાનો ભય દુર થતાં તેઓ નિરંકુશ બન્યા અને તેઓએ તેમનાં દુષ્કૃત્યોથી લોકોની સહાનુભૂતિ ગુમાવી. રાજયની આવકનો મોટો ભાગ તેઓ તેમના અંગત ખર્ચ પાછળ વાપરતા હતા. દા.ત.રાજકોટના ઠાકોર ધર્મેદ્રસિંહજીનો અંગત ખર્ચ રાજયની આવકના ૫૦% જેટલો હતો. વડોદરાના પ્રતાપસિંહરાવે અંગત ખર્ચ ની રકમ રૂા. ૨૩ લાખથી વધારીને રૂા. ૫૯ લાખ કરી હતી. રાજયનો કારભાર તેમના વતી તેમના દિવાન અને અમલદારો ચલાવતા હતા. વડોદરા, ગોંડળ અને ભાવનગર સિવાય પ્રગતિશીલ કહી શકાય તેવુ એક પણ રાજય ન હતુ. ખેડૂતો મહેસૂલ અને દેવાના બોજા નીચે કચડાયેલા હતા અને વેટની પ્રથા સર્વસામાન્ય હતી. અમલદારો અને શાહુકારો સાથે મળીને ઉઘાડી લૂંટ ચલાવતા હતા. આ કારણે ગુજરાતના પીળા પ્રદેશમાં રાજાઓની આપખુદીનો સામનો કરવા પ્રજાકીય સંસ્થાનો જન્મ થયો, વડોદરામાં સને ૧૯૧૬ માં ડૉ. સુમંત મહેતા, જગજીવનદાસ મહેતા અને રામજીભાઈ કામાણીના નેતૃત્વ નીચે પ્રજામંડળ સ્થપાયું. સૌરાષ્ટ્રમાં સને ૧૯૧૯ માં દલપતરામ ભગવાનજી શુકલના પ્રમુખપણા નીચે 'કાઠિયાવાડ હિતવર્ધક સભા ની સ્થાપના થઈ. આ સંસ્થાએ વિનીત પક્ષની વિચારસરણીને અનુસરીને બ્રિટીશ રાજને વફાદાર રહીને, રાજકીય અને સામાજિક પ્રશ્નો હલ કરવા પ્રયત્ન

કર્યો હતો. 'કાઠિયાવાડી રાજકીય પરિષદ' ની સ્થાપના થતાં આ સંસ્થા બંધ થઈ ૫–૩–૧૯૨૧ ના રોજ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કુલના મકાનમાં સ્વ. શ્રી કલ્યાણરાય બક્ષીનાં પ્રમુખપદ નીચે મળેલી એક સભામાં સૌરાષ્ટ્રની પ્રજાના પ્રશ્નોની વિચારણા માટે 'કાઠિયાવાડ રાજકીય પરિષ્દ' સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. પરિષ્દની નીતિ, ધ્યેય, કાર્યક્રમ અને કાર્યક્ષેત્ર નિર્ણિત થતાં તે પરિષદે સૌરાષ્ટ્રની પ્રજાના પ્રશ્નોની વિચારણા માટે 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. પરિષદની નીતિ, ધ્યેય, કાર્યક્રમ અને કાર્યક્ષેત્ર નિર્ણત થતાં તે પરિષદે સૌરાષ્ટ્રની કોંગ્રેસનું સ્વરૂપ ધારણ કર્યુ. આ પરિષદના પ્રથમ અધિવેશન સાથે સ્વદેશી પ્રદર્શન અને યુવક પરિષદ યોજવામાં આવ્યાં હતાં. શાહી સત્તાની આંખ આગળ જ આવી પ્રજાકીય સંસ્થા સ્થાપવામાં લાખાજીરાજના પ્રોત્સાહનને કારણે પોલેટિકલ એજંટની કચેરીમાં ફડફડાટ પેઠો હતો. પરિષદે કાઠિયાવાડના બંધિયાર વાતાવરણમાં નવી હવા પેદા કરી હતી. ત્યારબાદ ૧૯૨૪માં ભાવનગર માં પ્રજા પરિષદની સ્થાપના થઈ. આ પરિષદમાં દીવાન પટ્ટણી તથા મહારાજાએ હાજરી આપી હતી. પરિષદના ૧૯૦૦ પ્રતિનિધિઓમાં ૧૩૦૦ ખેડૂતો હતા. આ અધિવેશને ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમને અપનાવવા અનુરોધ કયો હતો. ત્યારબાદ સૌરાષ્ટ્ર અને ગુજરાતતના મોટા રાજયોમાં પ્રજામંડળો સ્થાપવાની પ્રવૃતિ શરૂ થઈ હતી. ૧૯૨૭માં પોરબંદરમાં મળેલાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદનાં અધિવેશનમાં પ્રજાકીય રાજતંત્રને લઈને પરિષદ જંપશે એવો સૂર વ્યકત થયો હતો. રાજવીઓ સાથે ઘર્ષણમાં ન ઉતરવાની રાષ્ટ્રીય કોંગ્રેસની નીતિ સાથે સુસંગત રહીને પરિષદે રાજયોની સંમતિથી જ જે તે રાજયનાં શહેરોમાં તેના અધિવેશનો ભર્યા હતા. ઝાડ કપાઈ જશે તો ડાળાં નીચે પડશે એમ બ્રિટીશ સત્તાના પતન સાથે રાજાઓની આપખુદીનો અંત આવશે એમ ગાંધીજી માનતા હતા અને તેથી રાજવીઓ સાથે ઘર્ષણ ટાળવાના મતના હતા. કાઠિયાવાડ પરિષદનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવાનું અને સદીઓની ગુલામીની ઘોર નિદ્રામાંથી પ્રજાને જગાડવાનું કાર્ય રાણપુરના સાપ્તાહિક 'સૌરાષ્ટ્રે' કર્યુ હતું. દેશી રાજયોના એક હથ્થુ અન્યાયી તંત્રથી અને આપખુદીથી પ્રજાને પીડાત અધિકારીઓના કાર્યની ખબરો તેણે પ્રસિધ્ધ કરીને રાજયોના સત્તાધીશોની નિરંકુશ ગતિ ઉપર અંકુશ મૂકયો હતો.

દેશી રાજયો રચનાત્મક કાર્યોને પણ શંકાથી જોતાં હોવાથી મુકતપણે રાજકીય પ્રવૃતિ કરવાનું મુશ્કેલ જણાતાં બ્રિટિશ હકૂમતના પ્રદેશમાં આવેલાં રાણપુરા, વઢવાણ કેમ્પ, રાજકોટ, અમદાવાદ અને મુંબઈને કેન્દ્ર બનાવીને પ્રવૃતિ ચલાવવાની પરિષદને ફરજ પડી હતી. આમ ગાંધીયુગ દરમ્યાન બ્રિટિશ જિલ્લાઓના અને દેશીરાજયોના પ્રદેશમાં બે મોરચે પ્રજાને સ્વાતંત્ર્ય હાંસલ કરવા લડત લડવાની ફરજ પડી હતી.

### સત્યાગ્રહ આશ્રમની સ્થાપના અને ગોધરા પરિષદ :

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાંથી આવ્યા બાદ ગુજારતી ભાષા દ્વારા દેશની વધારેમાં વધારે સેવા કરવાના હેતુથી અમદાવાદમાં કોચરબમાં આવેલા મકાનમાં 'સત્યાગ્રહ આશ્રમ' ની ૧૯૧૭માં સ્થાપના કરી વસવાટની શરૂઆત કરી. આ આશ્રમમાં એક હરિજન કુટુંબ અને તામિલભાઈઓ પણ સાથે રહેતા હતા. આશ્રમજીવનમાં સાદગી, સ્વાશ્રય, સ્વચ્છતા અને શ્રમને સ્થાન અપાયું હતું. મૂતરડી, શૌચાલય વગેરેની સફાઈ પણ આશ્રમવાસીઓ કરતા હતા. આશ્રમની સાથે રાષ્ટ્રીય શાળા પણ શરૂ કરાઈ હતી. આશ્રમનું સ્થળ ૧૯૧૮માં કોચરબથી સાબરમતી ખસેડવામાં આવ્યું હતું.

૧૯૧૭માં ગોધરામાં ગાંધીજીના પ્રમુખપણા નીચે 'ગુજરાત સભા' નું અધિવેશન ભરાયું હતું. આ પરિષદની કાર્યવાહી પ્રથમવાર જ ગુજરાતીમાં ચાલી હતી. અને બ્રિટીશ તાજ તરફ વફાદારી દાખવવાની પ્રથા બંધ કરી હતી. આ પરિષદે વેઠની પ્રથા નાબૂદ કરવા ઠરાવ કયો હતો. અને થોડા પ્રયાસ બાદ આ પ્રથાનો ત્રાસ બ્રિટીશ જિલ્લાઓમાં ઘટયો હતો. આ પરિષદમાં મહમદઅલી ઝીણા, તિલક મહારાજ, ખાપર્ડે, વિઠ્ઠલભાઈ પટેલ વગેરેએ ભાગ લીધો હતો.

૧૯૨૧ નો પ્રથમ દેશવ્યાપી સત્યાગ્રહ શરૂ કરતા પહેલાં ગાંધીજીને વિરમગામની જકાતબારી, અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન અને ખેડાના મહેસૂલ વધારાના પ્રશ્નોનો સામનો કરવો પડયો હતો.

ગુજરાતના પ્રશ્નો :–

૧૯૧૭માં મુંબઈથી રાજકોટ જતાં વઢવાણ સ્ટેશને મોતીલાલ દરજી ગાંધીજીને મળ્યા અને વિરમગામની જકાતબારીનો ત્રાસ દૂર કરવા વિનંતી કરી. ગાંધીજીએ પ્રથમ મુંબઈના ગવર્નર ને રૂબરૂ મળીને આ કેસની વિગત સમજાવી, પણ આ પ્રશ્ન મધ્યસ્થ સરકારના જકાત અને રેલવે ખાતાને સ્પર્શતો હોઈને ગાંધીજીએ વાઈસરોય લોડ ચેલ્મસફર્ડને જકાતબારીને કારણે પ્રજાને પડતી હાડમારીની વાત કરી. સૌરાષ્ટ્રના રાજવીઓએ પણ તેમના બંદરોના આડે આ જકાતબારી આવતી હોવાથી તે દુર કરવા માગણી કરી હતી. અંતે ગાંધીજીના પ્રયાસ બાદ જકાતબારી દૂર કરવાના પ્રયત્નો સફળ થયા હતા.

જકાતબારીના પ્રશ્ન પછી ગાંધીજી સમક્ષ અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન ઉપસ્થિત થયો. મોંઘવારીને કારણે અમદાવાદના મજૂરોએ પગાર વધારાની માગણી કરી હતી. પણ તે અમાન્ય થતાં મિલમજૂરોએ સામાન્ય હડતાલ પાડી. અનસૂયાબહેને ગાંધીજીની મદદ માગી. ગાંધીજીએ મજૂરોની પગારની માગણીની યોગ્યતા બાબત તપાસ કરી મજૂરોને પગાર મળતો હતો તે પુરતો નથી એવો નિર્ણય લઈ ૩૫ ટકા પગાર વધારાની માગણી મિલમાલિકો સમક્ષ મૂકી. મિલમાલિકો ૨૦ ટકાથી વધારે આપવા તૈયાર નહોતા. જયારે મજૂરોની ૫૦ ટકા પગાર વધારાની માગણી હતી. ગાંધીજીએ આ ઝઘડો પંચને સોંપવા માગણી કરી. માલિકોએ પંચની માગણી ગ્રાહય રાખી, પણ થોડાક મજૂરોએ કરેલી હડતાળથી કસૂર આગળ ધરી તેઓ ફરી બેઠા. ત્યારબાદ ગાંધીજીએ મજૂરોમાં આવેલી નબળાઈ જોઈને ઉપવાસ કરવા નિર્ણય કર્યો . આ નિર્ણય ત્રાગુ નહોતો. અંતે આનંદશંકર ધ્રુવની લવાદી સ્વીકારાઈ અને તેમણે મજૂરોની માગણી વ્યાજબી ઠરાવી અને પ્રથમ દિવસે ૩૫ ટકા, બિજા દિવસે ૨૦ ટકા અને વચગાળાના દિવસો માટે ૨૭ ટકા વધારો આપવાનો ચુકાદો આપ્યો. આ રીતે લવાદ દ્વારા ઔદ્યોગિક ઝઘડો પતાવવાની પ્રથાની શરૂઆત થઈ.

ખેડા જિલ્લામાં ૧૯૧૭માં અતિવૃષ્ટિને કારણે પાક ઓછો થયો હોવા છતાં અધિકારીઓ પાકની આનાવારી વધુ આંકી મહેસૂલ લેવા તકાદો કરવા લાગ્યા. વિઠ્ઠલભાઈ પટેલ તથા અન્ય આગેવાનોએ કલેકટર સમક્ષ રજૂઆત કરી, પણ તેઓ નિષ્ફળ ગયા. પરિણામે ગાંધીજી અને સરદારની આગેવાની નીચે લોકોને સત્યાગ્રહ કરવાની ફરજ પડી. ગાંધીજીએ ચાર આનાથી ઓછો પાક થયો હોય ત્યાં મહેસૂલ માફ કરવાની અને છ આનાથી ઓછો પાક થયો હોય ત્યાં મહેસૂલ મુલતવી રાખવાની માગણી કરી. સરકારીતંત્રે જીદ કરી ધાકધમકીની નીતિ અખત્યાર કરી અને મહેસૂલની રકમ વસૂલ કરવા જપ્તી શરૂ કરી. છેવટે સુખી ખેડૂતો મહેસૂલ ભરે તો ગરીબોનું મહેસૂલ બંધ ત્યાગશકિતની પરખ થઈ અને ગુજરાતમાં સત્યાગ્રહની જડ નખાઈ. આ લડત દ્વારા વલ્લભભાઈ નેતા તરીકે બહાર આવ્યા અને તેમણે વકીલાત છોડી સેવાવ્રત સ્વીકાર્યુ . ખેડાના સત્યાગ્રહમાં ખેડૂતોએ તેમનાં શાંતસૌમ્ય ખમીરનાં દર્શન કરાવ્યાં અને અહિસંક શકિતનું લોકોને પારખું કરાવ્યું.

ખેડા સત્યાગ્રહ દરમ્યાન વાઈસરોયે બોલાવેલી યુધ્ધ પરિષદમાં ગાંધીજીએ ભાગ લઈને સૈન્યભરતીના કાર્યક્રમમાં સહકાર આપ્યો. લોકોનો અણગમો હોવા છતાં બ્રિટીશ સામ્રાજયના સરખા ભાગીદાર તરીકે આફતના સમયે સામ્રાજયને મદદ કરવી જોઈએ એવું ગાંધીજીનું મંતવ્ય હતું. આ રીતે મધ્યમ વર્ગને હથિયાર વાપરવાની તાલીમ મળે એ પણ ભવિષ્યની દ્રષ્ટિએ ઈષ્ટ વસ્તુ હતી. પણ લોકોના વિરોધને કારણે ગાંધીજી ફકત સો રંગરૂટોની ભરતી કરાવી શકયા હતા. વિશ્વયુધ્ધમાં બંધ પડતાં આ અણગમતી પ્રર્વતિનો અંત આવ્યો.

## *સંદર્ભસૂચિ*

(૧) આચાર્ય, જાવડેકર, આધુનિક ભારત (અનુ.દેશપાંડે, પાંડુરંગ ગણેશ, અમદાવાદ,૧૮૪૬; શાંતિભાઈ મ.દેસાઈ, રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત અમદાવાદ ગ્રંથનિર્માણ બોડ , ૧૯૭૨, પૃ.૭૨–૭૪.

(૨) એસ. વી. જાની, સૌરાષ્ટ્રનો ઈતિહાસ, બીજી આવૃતિ, ૨૦૦૭, પૃ.૪૫૭–૪૬૪. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ ૮

(૩) શિવપ્રસાદ રાજગોર, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોડ, અમદાવાદ ૧૯૭૪, પૃ.૧૯૯–૨૦૦

(૪) શંકરલાલ પરીખ, ખેડા સત્યાગ્રહ, નવજીવન પ્રકાશન, અમદાવાદ શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુકત, પૃ. ૨૦૦–૨૦૧ Mahendra Meghani, The Gandhi Story, Bhavnagar, 2008, P.199

(૫) આર.કે.ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો, ખંડ–૨, ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. ચોથી આવૃતિ, ૨૦૦૦, પૃ.૧–૫

(૬) મગનભાઈ જો. પટેલ, ગાંધીજીની સત્યાગ્રહ સાધના, ગુજરાત વિદ્યાપીઠ, ૨૦૦૬; શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુકત, પૃ.૨૦૨–૨૦૩

(૭) શિવપ્રસાદ રાજગોર, પૃ.૨૦૩–૨૦૪, ગુ.રા.સાં.ઈ.ગ્રંથ ૮૦૯ આર.ટી.સાવલિયા, સરદાર પટેલ, અમદાવાદ. ૨૦૦૦, પૃ.૧૨–૧૩

(૮) જેઠાલાલ ગાંધી, બારડોલી સત્યાગ્રહ, ગાંધીનગર, ૧૯૭૪, મહાદેવભાઈ દેસાઈ, બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ, અમદાવાદ, ૧૯૯૧; પી.કે.લહેરી, હિંદ સ્વરાજના શિલ્પી, મહાત્મા ગાંધી, અમદાવાદ, ૨૦૦૮, પૃ. ૪૭–૪૯, આર.ટી.સાવલિયા, ઉપર્યુકત પૃ.૧૩–૧૫

(૯) Jo Anne Black, Gandhi the man, Sun Fracisco, 1972. pp 65-70 આર.કે.ધારૈયા, ઉપર્યુકત, પૃ. ૮૦ શિવપ્રસાદ રાજગોર ઉપર્યુકત, પૃ. ૨૦૭–૦૮. મુંજાલ ભીમડાદર, ઐતિહાસિક દાંડીકૂચ, અમદાવાદ, ૨૦૦૪